# સુખી માણસનું પહેરણ

એક ગામ હતું. હશે ત્રીસેક હજારની વસતી. ગામના રાજાનું નામ ત્રિવિક્રમ હતું. રાજા ભારે વિલાસી. એક બાજુ પ્રજાનાં દુઃખ દર્દોની પૂરી કાળજી કરે. પણ બીજી બાજુ વિલાસમય જીવન જીવે. વધુ પડતા ભોગસુખને માણવા જતાં રાજા માંદા પડયા. સખત માંદગી આવી. એમાં વળી અનિદ્રાનો રોગ લાગુ પડયો. માંદગી અસહ્ય બની ગઈ.

એક દિવસ એક સાધુ રાજમહેલે આવી ચડયા. એને રાજાની પાસે લઈ જવામાં આવ્યા. રાજાને જોઈને તે એની માંદગીના મૂળમાં પડેલા વિલાસને જાણી ગયા. વધુને વધુ સુખી થવા માટે તેણે વધુને વધુ ભોગસામગ્રીઓનો, રાણીઓ વગેરેનો કેવો ખડકલો કરી દીધો હતો ? તે બધું જાણ્યું અને જોયું. અરેરે! આમ છતાં રાજા તૃપ્તિ પામી શક્યો ન હતો.

તેમણે કહ્યું, ''મહારાજા ત્રિવિક્રમ ! જો કોઈ સુખી માણસનું પહેરણ લાવીને આપને પહેરાવાય તો ચોવીસ કલાકમાં રોગ નિર્મૂળ થઈ જાય.''

રાજાએ નોકરોને તેવું પહેરણ લાવવા માટે ચારે દિશામાં દોડાવ્યા. રાજાને મન સુખી માણસો એટલે જેઓ બંગલામાં રહે, મોટી હવેલીઓમાં રહે, મોટા નગરોમાં રહે. શ્રીમંતાઈમાં આળોટતા હોય અને માન–સન્માનથી ફાટફાટ થતા હોય. એટલે એક પહેરણ લાવવું એ કંઈ બહુ મોટી વાત ન જણાઈ.

નોકરો શહેરોમાં ધસી ગયા. જે કોઈને શ્રીમંત કલ્પ્યા, તે બધાને પૂછ્યું. પરંતુ ભારે આશ્ચર્યની વાત બની કે મોટા મોટા કરોડપતિઓ અને અબજપતિઓએ પણ પોતે સુખી હોવાની ના પાડી. બધાને કોઈ ને કોઈ દુઃખ તો હતું જ.

હવે શું કરવું ? નોકરો શહેરોને છોડીને ગામડાંઓમાં ધસી ગયા. પણ ત્યાં ય એ જ હાલત.

અરે ! પછી તો  જંગલોમાં પહોંચ્યા. બાવાઓને મળ્યા. સારી દુનિયાની ફીકર છોડીને જે ફકીર બન્યા હતા તેઓ પણ દુઃખી નીકળ્યા. ક્યાંક આપસમાં ઝગડા હતા તો ક્યાંક ક્રોધ બધું બાળીને ખાખ કરતો હતો. ક્યાંક પરલોકના સુખોની લાલસા તીવ્ર બની હતી.

છેવટે નોકરો પર્વતો ઉપર ચડયા. ત્યાં ફરતાં ફરતાં તૂટેલી ફૂટેલી ઝૂંપડીમાં બેઠેલો એક 'માણસ'  જડી આવ્યો. એક પોતડી સિવાય તેના શરીર પર કંઈ ન હતું. તેના મુખ પર સુખની આભા જોઈને નોકરોએ તેને પૂછ્યું, ''તું ખરેખર સુખી છે ?''

તેણે ઉત્તર આપ્યો, ''હા, હું સુખી છું. મારે કોઈ વાતનું દુઃખ નથી.''

આ સાંભળી નોકરોએ તેને રાજા પાસે આવવાની વિનંતી કરી. તેણે કહ્યું, ''ભાઈઓ, મારે શા માટે રાજા પાસે આવવું જોઈએ ? મારે તેનું કોઈ કામ નથી.''

નોકરોએ કહ્યું, ''અરે ભાઈ, રાજાને તારું કામ છે, માટે તું ચાલ.''

પેલા માણસે કહ્યું, ''રાજાને મારું કામ હોય તો તે અહીં આવે.'' આમ તે એકનો બે ન થયો.

અંતે નોકરો નગરમાં પાછા ફર્યા. મંત્રીઓને વાત કરી. રાજાની માંદગી દર કલાકે વધતી જતી હતી. મંત્રીઓ મારતે ઘોડે, પૂરપાટ વેગે તે માણસ પાસે ગયા.



હાથ જોડીને નમસ્કાર કરીને મંત્રીઓએ ભારે આદરથી એને નગરમાં પધારવાની વિનંતી કરી. પેલા માણસે કહ્યું, ''મારે રાજા પાસે આવવાની કશી જરૂર નથી. મને કોઈ વાતનું દુઃખ નથી. હું તમામ રીતે સુખી છું. તમે લાખ ઉપાય કરશો તો ય હું આવનાર નથી.''

મંત્રીઓને તેના અફર વચનની ખાતરી થતાં તેમણે કહ્યું, ''ભલે ભાઈ ! તો એક કામ કરો. તમે મારું પહેરણ અમને આપો. અમે તે લઈ જઈએ. એ માટે તમે કહો તેટલી સોનામહોરો આપીએ.''

માણસે કહ્યું, ''ભાઈ, પહેરણ હતું ત્યારે તો હું દુઃખી હતો. એ કાઢી નાંખ્યા બાદ હું સંપૂર્ણ સુખી બની ગયો છું. મારી પાસે પહેરણ નથી. કશું ય નથી.''

એણે આગળ ચલાવ્યું, ''ભાઈઓ ! મારી પાસે ઘણું હતું. પણ તે 'ઘણું' જ મને ત્રાસરૂપ બન્યું હતું. ત્યાં સુધી મને સંતોષ થતો જ નહોતો. પછી હું ઓછું કરતો ગયો. જેમ જેમ ઘટાડતો ગયો તેમ હાશ.....હાશ....થતી ગઈ.

હું વધુંને વધુ આનંદ અનુભવવા લાગ્યો. છેલ્લે મેં પહેરણ પણ ફેંકી દીધું અને ત્યારે મારો આનંદ સીમા બહારનો વધી ગયો. જેટલી જરૂરિયાતો ઓછી તેટલા સુખી વધુ.''

બિચારા મંત્રીઓ ! હવે શું કરે ? વીલા મોંએ તેઓ રાજા પાસે પાછા ફર્યા. રાજાને પેલા ભાઈની સઘળી વાત કરી, પહેરણ ન લાવી શકવા બદલ દીલગીરી બતાવી. રાજાના છેલ્લા શ્વાસ ચાલી રહ્યા હતા. મંત્રીઓની વાત સાંભળી, મુનિ રાજાને શું બોધ આપવા માંગતા હતા એ રાજાને સમજાઈ ગયું. હવે તેમને મરણનું દુઃખ ન રહ્યું. પોતાની ભૂલોની માફી માંગતાં માંગતાં તેઓ મૃત્યુ પામ્યા.

('અક્રમ'માંથી સાભાર)

■